### સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પહેલાં નોટિસના સમયને લઈ ચર્ચાઓ તેજ

# દબાણ હટાવવાની નોટિસથી ઈદગાહ વિસ્તારમાં ભય

**10 દિવસમાં** જગ્યા ખાલી કરવાની સૂચના, નહીં તો બુલડોઝર કાર્યવાહીની ચેતવણી

**લગ્નસરા** અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટાણે જ રેલ્વેની કાર્યવાહીથી રહીશોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઈ શહેરના ઈદગાહ અને માછીવાડ ખાડા વિસ્તારમાં રેલ્વે તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની નોટિસ આપવામાં આવતા સ્થાનિક રહીશો વચ્ચે ભય અને અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. રેલ્વે અધિકારીઓની ટીમે રહીશોને 10 દિવસની અંદર સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા સૂચના આપતા વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, એશિયાના પ્રથમ નેરોગેજ મથક તરીકે ઓળખાતા ડભોઈ રેલ્વે રૂટને બ્રોડગેજમાં રૂપાંતરિત કર્યા બાદ પ્રતાપનગરથી જોબટ સુધી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. ઉપરાંત પ્રતાપનગરથી કરજણ અને એકતા નગર સુધી પણ ટ્રેનો દોડી રહી છે. આ કામગીરીને પગલે રેલ્વે તંત્ર દ્વારા સ્ટેશનની આજુબાજુના વિસ્તારોમાં રેલ્વે જમીન પર થયેલા દબાણ દૂર કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

રેલ્વે તંત્ર દ્વારા આપવામાં આવેલી નોટિસ મુજબ 10 દિવસમાં સ્વૈચ્છિક રીતે દબાણ દૂર નહીં કરવામાં આવે તો બુલડોઝર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ કાર્યવાહી દરમિયાન કોઈ અવરોધ ઊભો કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.


पश्चिम रेलवे
Date 18-04-2026
उर मुस्ताक भाई शेख
कृपया नोटिस प्राप्ति का अनुमोदन करें।
SR. SECTION ENGINEER DABHOI
हस्ताक्षर
नोटिस प्राप्त करने वाले का नाम :
मोबाइल :

ઉલ્લેખનીય છે કે નોટિસ આપેલો વિસ્તાર નગરપાલિકાના વોર્ડ નં. 2માં આવે છે અને હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક હોવાથી નોટિસના સમયને લઈ લોકોમાં વિવિધ ચર્ચાઓ ઉઠી રહી છે. સાથે જ લગ્નસરાની સિઝન વચ્ચે આવી કાર્યવાહીથી અસરગ્રસ્ત પરિવારોમાં ચિંતા વધતી જોવા મળી રહી છે.

હાલ સ્થાનિકોમાં રેલ્વે તંત્ર દબાણકારોને વધુ સમય આપશે કે સીધી બુલડોઝર કાર્યવાહી હાથ ધરશે તે અંગે ઉત્સુકતા અને આક્રોશ બંનેનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પાદરાના રણુ ગામે પરીણિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**પાદરા** પોલીસે અકસ્માતે ગુનો દાખલ

(પ્રતિનિધિ) પાદરા, તા.17

પાદરા તાલુકાના રણુ ગામે એક પરણિતાએ પોતાના સાસરિયાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કર્યાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ માહિતી મુજબ, ખુશ્બુબેન મનુભાઈ પરમાર (ઉ.વ. ૨૯), રહે. રણુ ગામ, રામજી મંદિર પાસે, પાદરા, જેઓના લગ્નને આશરે એક વર્ષ બે મહિના જેટલો સમય થયો હતો, તેઓએ તા. ૧૭ એપ્રિલના રોજ સવારના સમયે કોઈ કારણોસર પોતાના સાસરિયામાં રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

બનાવની જાણ થતા પરિવારજનો અને આસપાસના લોકો એકત્રિત થયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

### પોલીસે ઇનોવા કારમાંથી 70 પેટી વિદેશી દારૂ મળી આવ્યો

# મંજુસરના આજોડ ગામની સીમમાંથી LCBએ 10 લાખનો દારૂ ઝડપ્યો

ગામની સીમમાં પસાર થતાં એક્સપ્રેસ હાઇવે પર વોચમાં હતી

(પ્રતિનિધિ) સાવલી, તા.18

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ આજોડ ગામની સીમમાં પસાર થતાં એક્સપ્રેસ હાઈવે પર જિલ્લા એલસીબી ની ટીમે માહિતીના આધારે ઈનોવા કાર માંથી વિદેશી દારૂ ની 70 પેટી અને કાર સહિત રૂપિયા 16,74,520 ના મુદ્દા માલ સાથે એકની ધરપકડ કરી છે જ્યારે અન્ય બે ને ફરાર જાહેર કરીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગતરોજ જિલ્લા એલસીબી ની ટીમ સાવલી વિસ્તાર મા પેટ્રોલિંગ માં હતી તે દરમિયાન વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ નંબર વગરની ઈનોવા કાર ધ્યાને આવી હતી જેમાં તપાસ કરતા વિદેશી દારૂની 70 પેટી નંગ 2460 ના નંગ બોટલો 6,64,320 નો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે સાથે એક મોબાઈલ કિંમત રૂપિયા 10,000 અને ઈનોવા ગાડી 10,00000 લાખ રૂપિયા મળી કુલ 16,74, 520 નો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે સાથે સાથે આ કારમાં આર જે 27 યુ.એ 8556 નંબરની નંબર પ્લેટ પણ મળી આવી છે.

### સાવલી તાલુકામાં GCAS પોર્ટલ મુદ્દે ABVPના કાર્યકરોનો વિરોધ

# માંગણીઓ નહીં સંતોષાય તો રસ્તાઓ બ્લોક કરવાની ચીમકી

(પ્રતિનિધિ) સાવલી, તા.18

સાવલી તાલુકાના વિધાર્થી ઓ ને વિધાર્થી ઓ ને ઓનલાઈન કોલેજની એડમિશન પ્રક્રિયામાં ભારે હાલાકી ભોગવવી પડે છે આ ખામીઓનો આક્ષેપ એ બી વી પી ના કાર્યકરો એ કર્યો છે અને ટેક્નિકલ સમસ્યાઓથી વિદ્યાર્થીઓ ભારે પરેશાન થઈ રહ્યા નો આક્ષેપ કર્યો છે અને ખાસ ગ્રામ્ય વિસ્તારોના



વિદ્યાર્થીઓને વધુ મુશ્કેલી પડી રહી છે ABVP દ્વારા સરકાર સામે રજૂઆત કરીને તાત્કાલિક પોર્ટલ સુધારાની માંગ કરી છે અને ખાનગી યુનિવર્સિટી ને સમાવવાની માંગ પણ કરી છે અને ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલ મુદ્દો ગણાવીને વહેલી તકે નિરાકરણ લાવવા સરકાર ને માંગ કરી છે અને આવનાર સમયમાં આ મુદ્દે આંદોલન થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ખેડૂતે જંતુનાશક દવા પી લેતા હાલત ગંભીર

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા તાલુકાના નરસિંહપુરા ગામે એક ખેડૂતે પોતાના ખેતરમાં જંતુનાશક દવા પી લેતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ઘટના સામે આવી છે.

માહિતી મુજબ, નરસિંહપુરા ગામના છાછરીયા કૂવા પાસે રહેતા રમેશભાઈ છત્રસંગભાઈ પઢીયાર (ઉ.વ. ૫૮)ને અગાઉથી શ્વાસની બીમારી હતી અને તેઓ છેલ્લા કેટલાક સમયથી તબિયતના કારણે માનસિક તણાવમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે. ગત રોજ સવારના આઠ વાગ્યાના પહેલા તેઓ પોતાના ખેતરમાં ગયા હતા અને ત્યાં ભીંડાના પાકમાં છાંટવાની જંતુનાશક દવા પી લીધી હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

બનાવની જાણ થતા પરિવારજનો દ્વારા તેમને તરત જ વડુ ખાતેના સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં વધુ સારવાર માટે તેમને વડોદરાની એસએસજી ખાતે ખસેડવામાં આવ્યા છે.

### વોર્ડ નં. 1 માં સૌથી વધુ અને વોર્ડ નં. 5 માં સૌથી ઓછા મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવશે

# પાદરા નગરપાલિકા ચૂંટણી: 5 વોર્ડમાં 37 ઉમેદવારો વચ્ચે જંગ

**ત્રિપાંખિયા** જંગ વચ્ચે પાદરાનું રાજકીય મેદાન ગરમાયું

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા નગરપાલિકાની ૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. નગરપાલિકાના વોર્ડ નં. 1 થી 7 સુધીના મતદારોના આંકડા પર નજર કરીએ તો કુલ 31,164 મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં પુરુષ મતદારોની સંખ્યા 15,966 છે જ્યારે સ્ત્રી મતદારોની સંખ્યા 15,197 નોંધાઈ છે.

બે વોર્ડ બિનહરીફ જાહેર થતા હવે વોર્ડ ૧ થી ૫ ના 22,698 મતદારો કોના પક્ષે મતદાન કરી 37 ઉમેદવારોમાંથી કોનું રાજકીય ભવિષ્ય નક્કી કરશે.

આંકડાકીય રીતે જોવામાં આવે તો પુરુષ મતદારોમાં સૌથી વધુ સંખ્યા વોર્ડ નંબર 1 માં નોંધાઈ છે, જ્યારે સૌથી ઓછી 1,878 પુરુષ મતદારો વોર્ડ નંબર 5 માં છે. બીજી તરફ સ્ત્રી મતદારોમાં પણ વોર્ડ નંબર 1 અગ્રેસર છે જ્યાં સૌથી વધુ 2,016 સ્ત્રી મતદારો છે, જ્યારે સૌથી ઓછી



સંખ્યા વોર્ડ નંબર 7 માં 1,744 અને વોર્ડ નંબર 5 માં 1,776 નોંધાઈ છે.

કુલ મતદારોના દ્રષ્ટિકોણથી વોર્ડ નંબર 1 સૌથી વધુ મતદારો ધરાવે છે, જ્યારે સૌથી ઓછી સંખ્યા વોર્ડ નંબર 7 માં છે. ખાસ નોંધનીય બાબત એ છે કે વોર્ડ નંબર 5 માં કુલ 3,654 મતદારો નોંધાયેલા છે.

ચૂંટણીની સ્થિતિ પર નજર કરીએ તો વોર્ડ નંબર 6 અને 7 ના કુલ 8,466 મતદારોને બાદ કરીએ તો વોર્ડ નંબર 1 થી 5 માં કુલ 22,698 મતદારો ચૂંટણીના પરિણામમાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ પાંચ વોર્ડમાં કુલ 37 ઉમેદવારો મેદાનમાં છે, જેના કારણે જંગ ત્રિકોણીય અને રસપ્રદ બનવાની સંભાવના છે.

આ દરમિયાન વોર્ડ નંબર 6 અને 7 માં ચારેય બેઠકો બિનહરીફ જાહેર થતા રાજકીય સમીકરણોમાં ફેરફાર જોવા મળ્યો છે, જ્યારે વોર્ડ નંબર 1 થી 5 માં જબરદસ્ત ચૂંટણી જંગ જામવાનો છે.

| વોર્ડ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૮૪૬ | ૨૭૧૬ | ૫૫૬૨ |
| ૨ | ૨૨૨૭ | ૨૧૨૩ | ૪૩૫૦ |
| ૩ | ૨૨૬૦ | ૨૧૨૨ | ૪૩૮૨ |
| ૪ | ૨૪૦૪ | ૨૩૪૬ | ૪૭૫૦ |
| ૫ | ૧૮૭૮ | ૧૭૭૬ | ૩૬૫૪ |
| ૬ | ૨૪૬૫ | ૨૩૭૦ | ૪૮૩૬ |
| ૭ | ૧૮૮૬ | ૧૭૪૪ | ૩૬૩૦ |
| કુલ | ૧૫૯૬૬ | ૧૫૧૯૭ | ૩૧૧૬૪ |

# ચૂંટણી પૂર્વે પોલિંગ સ્ટાફ માટે તાલીમ સેમિનાર યોજાયો

ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રહે

(પ્રતિનિધિ) સાવલી, તા.18

સાવલી સેવા સદન ખાતે પોલિંગ સ્ટાફ માટે ખાસ તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રીતે પાર પાડવા માટે આ સેમિનારમાં અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ સેમીનાર દરમ્યાન ઈવીએમ (EVM) દ્વારા મતદાન કેવી રીતે કરાવવું, મતદારોને માર્ગદર્શન કેવી રીતે આપવું અને મતદાન દરમિયાન ઉભી થતી તકનીકી બાબતો અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. સાથે જ બેલેટ પેપર સંબંધિત તમામ પ્રક્રિયાની પણ અધિકારીઓને માહિતી આપવામાં આવી હતી.

આ સેમિનારમાં એસડીએમ અને મામલતદાર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા અને તેમણે ચૂંટણી પ્રક્રિયા સફળ બનાવવા માટે જરૂરી સૂચનો કર્યા હતા આ સેમીનાર નો મુખ્ય આશય ત ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરસમજ અથવા તકનીકી મુશ્કેલી ન સર્જાય અને તમામ પ્રકારની પરિસ્થિતિ માં મતદાન પ્રક્રિયા માં કોઈ પ્રકારની મુશ્કેલી કે વિઘ્ન ના આવે તે મુખ્ય હેતુ હતો આમ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે તાલુકાનું સમગ્ર વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ભગવાનનો દિવો**
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ફુડ બીઝનેસ/**
ઈન્ડસ્ટ્રીઝ માટે FSSAI સ્ટાન્ડર્ડ મુજબ પનીર, સોયા તોકુ, એનાલોગ અંગે ટ્રેનીંગ, તાઃ- ૨૨ એપ્રિલ, કોન્ટેક્ટ સેઈફ ફુડ- સુરત, (M) 9825236110 (22)

**લગ્ન પ્રસંગ**
તથા અન્ય પ્રસંગો માટે વાડી/ પાર્ટી પ્લોટ , A/C Hall બુકીંગ માટે રૂબરૂ મળો. કદમ્બભવન, કદમ્બપલ્લી સોસાયટી સંપર્કઃ મો. ૯૦૯૯૦૦૧૨૨૨ સમયઃ ૧૦ થી ૬ (30)

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરૂભાઈ શાહ M. 7984650600 9898993303 (35)

**લાઇફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
તમારો બાયોડેટા આપી વિનામૂલ્યે અમારુ મેરેજ ગ્રુપ જોઈન કરી પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે કોઈ ફી નહી. તમામ જ્ઞાતિના લોકલ, NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M-9409057024

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (8 સીટ બાકી) 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડા સહિત, મળો- દિષકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**ફ્લેટો વેચવાના છે**
બહુમાળી બિલ્ડીંગની પાસે, ખારવાવાડ નાનપુરા, સુરત.1 ખાતે નવા બંધાયેલ "માસ્તર્સ ડ્રીમસ્કેપ" એપાર્ટમેન્ટમાં ફર્નીશ્ડ અને અનફર્નીશ્ડ
મો. ૯૮૨૪૧૧૨૮૬૮

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

**ઓમશિવ ટ્રાવેલ્સ**
22 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા. 15, 27 મેં અધિકમાં હરીદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા. ખરવરશેરી, ભાગળ, સુરત. - 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**ડુમસ- પીપલોદ રોડ**
ઓફિસ ભાડે આપવાની છે પીપલોદમાં સ્વસ્તિક યુનિવર્સલમાં કાર્પેટ ૧૮૨૬ ચોરસ ફૂટ ફુલ્લી ફર્નિસ ઓફિસ કોર્પોરેટ માટે ભાડે આપવાની છે. વોટ્સએપ - 9879000208

**Accountant (Female) જોઈએ છે.**
Tax Consultant ની ઓફિસ (અડાજણ/સુરત) DATA ENTRY માટે. TALLY, Ms Office જાણકાર. અનુભવ (6 Months) જરૂરી.
સંપર્ક 9426188902

**ઉધના ઉધ્યોગ નગર**
ભાડે આપવાની છે સેન્ટ્રલ રોડ નં ૯ પર સુમારે ૧૭૨૩૬ ચોરસ ફૂટ પાક્કા બાંધકામ વાળી જગ્યા બેંકો તથા લિમિટેડ કંપનીને લીઝ પર આપવાની છે. વોટ્સએપ- 9879000208

**ભાડે આપવાનું છે**
પાંડેસરા પિયુષ પોઈન્ટ પાસે. નવુ બનેલ A/C ગેસ્ટ હાઉસ - 10 રૂમ સાથે ભાડે આપવાનું છે. લિફ્ટની સુવિધા સાથે Mo. 94268-25660 (33)

વાહન લે-વેચ

**ગાડી વેચવાની છે**
મહેન્દ્ર qunto 7 સીટર complete single hand 2.60 IK, 2013 modle 9767318010/ 9374718010

વ્યવસાયીક ક્લાસીસ

**વર્ષ બચાવો. વર્ષ બચાવો**
10th/ 12th (આર્ટ્સ, વાણિજ્ય, વિજ્ઞાન) નાપાસ વિધાર્થી 45 દિવસમાં પાસ કરો. 8th, 9th નાપાસ સીધી 10th કરો. 11th નાપાસ સીધી 12th પાસ કરો. બિના TC (ટ્રાન્સફર સર્ટિફિકેટ) વગર 3rd, 5th અને 8th ધોરણ પાસ કરી શકાય. એસ્પાયર એજ્યુકેશન, ડુંભાળ, સુરત. 9724346581/ 7778025581 (32)

મિલ્કત ભાડે -વેચાણ

**વેચાણ/ ભાડેથી**
જોઈએ.. પ્લોટ બંગલા ઘોડદોડ પાર્લેપોઈન્ટ પીપલોદ new citylight વેસુ ડુમસ 8160763127

મિલ્કત જોઇએ છે

**વેચાણથી બાંધકામ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળો આરજેડી અથવા વેલ પાર્ક ઈચ્છાપોર માં જોઈએ છે 9879614127

નોકરી વિષયક

**અડાજણમાં દવાખાનાં**
માટે નર્સીંગ સ્ટાફ/ માસીની જરૂર. M- 9099655618, 6352705220

**ઓફિસો ભાડે આપવાની છે**
જૂની કોર્ટ બિલ્ડીંગ, બહુમાળી બિલ્ડીંગ પાસે, નાનપુરા, સુરત-૧
મો. ૯૮૨૪૧ ૧૨૮૬૮

**જોઈએ છે સ્ટાફ,**
ઈલેક્ટ્રીશ્યન/ વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ મોં 9913016827

**જોઈએ છે**
સ્કુલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

**રિયલ એસ્ટેટ કંપની**
માટે સ્ટાફ જોઈએ છે. લેડીઝ અને જેન્ટ્સ, અડાજણ, સુરત પોસ્ટઃ સેલ્સ અને માર્કેટિંગ ફ્રેશર પણ ચાલશે. લાયકાતઃ ઓછામાં ઓછું 12 પાસ 9898426643

**અમારી સ્થાપિત**
ફૂડ પ્રોડક્ટ્સ કંપની માટે મસાલા તથા ડ્રાયફ્રૂટ્સ,નમકીન ફૂડ પ્રોડક્ટ્સ ના વેચાણ માટે અનુભવી ફિલ્ડ સેલ્સમેન ની તાત્કાલિક જરૂર છે. સ્થળઃ સુરત પગારઃ લાયકાત અને અનુભવ મુજબ સંપર્ક નંબરઃ 8469666190

**તાત્કાલિક વેચાણ / ભાડેથી મકાન આપવાના છે.**
90 વાર 1 કરોડ | 160 વાર 1.7 કરોડ
કોમર્શિયલ પર્પઝ, સ્કૂલ, પીજી, હોસ્પિટલ, રેસીડેન્સીયલ કમ ગોડાઉન લાયક
પાલ ગામ રોડ સુરત.
ઓનરઃ 9662026950

**નિકી ચેરીટેબલ ટ્રસ્ટ**
સુરત ના ઓફિસ કામકાજ તેમજ પ્રચાર માટે યુવક યુવતી ની જરૂર છે., સમય સવારે 12 થી 5 પગાર 12000 થી 15000 Mob: 8154885858, 8866338640 (27)

**કોન્ટ્રાકટર**
All Type ઈન્ડસ્ટ્રીયલ કન્ટ્રક્શન ,ઈન્ડસ્ટ્રીયલ આર.સી.સી અન્ડર ગ્રાઉન્ડ, વોટર ટેન્ક(ટાંકી) 9228132994, 9913162962 (28)

**ડ્રાઈવર જોઈએ છે**
DGVCL , કોસાડ, વરાછા, સારોલી, લસકાના, સીમાડા ગોથાણ ૮ કલાક ૧૨ કલાક માટે ૪ વર્ષ માટે ડ્રાઈવર જોઈએ છે. મોબાઈલ 8511311422

**જોઈએ છે**
વોર્ડબોય -૨ અનુભવી વ્યક્તિ ને પગાર ૨૦૦૦૦ થી શરૂ હાઉસ કીપિંગ/ સફાઈ કામદાર-૧ તાત્કાલિક જરૂરિયાતથી રાખવાના છે. રૂબરૂ મળો: સહયોગ ઈમેજિંગ સેન્ટર 23, ગ્રીન એલીના, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત સાંજે ૬ થી ૮ ફોન - ૦૨૬૧૨૭૮૫૮૦૮

**ગોડાઉન વેચવાનું છે**
જૂની કોર્ટ બહુમાળી બિલ્ડીંગ પાસે, નાનપુરા, સુરત ૧ ખાતે આવેલ વિશાળ ગોડાઉન જ્યાં તાપી રેલનું પાણી પણ આવતું નથી.
મો. ૯૮૨૪૧ ૧૨૮૬૮

મિલ્કત વેચવાની છે

**2900- વારનો પ્લોટ**
વેચવાનો છે, વાંઝણા ગામ, રોડ ટચ, ચીખલી પાસે, 43 lk, 9767318010, 9374718010

**પુસ્તકાલય માટે**
ઉપયોગી એવા સ્ટીલના સાદા અને કાચવાળા અને બે બાજુ દરવાજાવાળા કબાટો વેચવાના છે જે માટે સમય ૧૨ થી ૨ સોમ થી શનિવારે દરમ્યાન સંપર્ક કરો પ્રાથનાસંઘ ભદ્ર આશ્રમ સરકારી વસાહતની પાછળ નવી કોર્ટબિલ્ડીંગ પાસે અઠવાલાઈન્સ સુરત મો. ૯૯૦૯૬૪૭૪૫૩ ફોન. ૦૨૬૧ ૨૬૫૦૮૦૮ (31)

**ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી વેચવાની છે**
માસમા ઓલપાડ હાઈવે - વડોદ કિરણ હોસ્પીટલ લાગુ કેનાલ રોડ,
સાઈઝ 32 x 90 G + 2 માળ 9000 સ્કવેરફુટ બાંધકામ,
દસ્તાવેજ પ્લાનપાસ લોન થાય એવુ તથા નવુ બાંધકામ લુમ્સ મશીન કે દરેક ધંધાને અનુકુળ
ચેતનભાઈ 9724338288

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ વેચવાનો છે 9825088402, 9825919637

**વેચવાનો છે**
પાલ માં શાલિગ્રામ સિગ્નેચરમાં 4BHK ફ્લેટ 3100 Sq.ft ફુલ ફર્નિચર સાથે, મો- 8849512295. દલાલ માફ.

**અલથાણ- ભટાર રોડ**
1- BHK ફ્લેટ- સ્વસ્તિકપાર્ક વેચવાનો છે ફુલ ફર્નિચર- ગેસ લાઈન- પ્રથમમાળ મો. ૯૮૭૯૪૪૦૨૭૭

**વેચવાનો નવો 5 b h k**
ફ્લેટ 1.72 crમાં GD GOENKA કેનાલ રોડ વેસુમાં 9825463599

**ડુમસમાં 1400 વાર**
પ્લોટ તેમજ પાર્લેપોઈન્ટ બંગલો વ્યાજબી કિંમતે વેચવાનો છે.. 8160763127

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*